(૨૦)

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસટીપી/૧૦૨૦૦૮/૨૩૬૭-હ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૭/૬/૨૦૧૦

સંદર્ભઃ (૧)ઠરાવ ક્રમાંક : એસટીપી/૧૦૨૦૦૪/૪૪૧-હ.૧ તા.૨૦/૧૧/૦૪
(૨) ઠરાવ ક્રમાંક : એસટીપી/૧૦૨૦૦૮/૨૩૬૭-હ.૧,તા.૧૪/૮/૦૮

ઠ રા વ :-

જાહેર જનતાને સ્ટેમ્પ/સ્ટેમ્પ પેપર્સની ખરીદીમાં સુગમતા રહે અને ઝડપી સેવા મળી રહે તે હેતુથી સ્ટેમ્પ/સ્ટેમ્પ પેપર્સ વેચાણની પરવાનગી પોસ્ટ ઓફીસ તથા રાજયના બોર્ડ, નિગમોને ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ/સ્ટેમ્પ પેપર્સ પુરા પાડવા લયસન્સ આપવા ઉપર સંદર્ભ-૨ આગળ દર્શાવેલ તા. ૧૪/૮/૦૮ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે

ઉપર મુજબ મંજૂરી આપતી વખતે પોસ્ટ ઓફીસ, બોર્ડ અને નિગમને કેટલા ટકા કમિશન આપવું તે બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હતી. આ અંગે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર્સને અપાતા કમિશનના ધોરણે બેન્કોને પણ હાલમાં એક ટકા લેખે કમિશન ચુકવવામાં આવે છે તે જ દરે એટલે કે પોસ્ટ ઓફીસ, બોર્ડ, અને નિગમ દ્વારા ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડયુટી ભરવાની કાર્યવાહી કરવા બદલ તેઓને પણ એક ટકા કમિશન ચુકવવાની આથી મંજૂરી આપવમાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૦/૪/૨૦૧૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.કટારા)
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

નોંધણી સર નિરીક્ષક કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
દાખલ નંબર
શાખા :
તા. 21 JUN 2010

પ્રતિ,
:- નામ.રા.પા.શ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
:- માન.મુ.મં.શ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
:- માન.નાણામંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
:- માન.મહેસુલ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
:- સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
:- અગ્રસચિવશ્રી/ મહે.ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
:- સુપ્રિ.ઓફ સ્ટેમ્પશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
:- નોંધણી સર નિરીક્ષકશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર.
:- સર્વે વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
:- સર્વે ખાતાના વડાઓ( મ.વિ.ના નિયં.હેઠળના)
:- સર્વે કલેકટરશ્રીઓ.
:- એ.જી.કચેરી, અમદાવાદ / રાજકોટ.
:- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
:- નિયા.શ્રી, માહિતી ખાતું, ગુ.રા.ગાંધીનગર(સરકારના આ નિર્ણયને બહોળી પ્રસિધ્ધ આપ. વિનંતી સહ.)
:- સિલેકટ ફાઈલ.

Tharav-STP-2367--PM.doc

ક્રમાંક/ ઈજર/ વહટ/વશી/સ.રજી.૧૦૩/૧૦/ ૯૬૨૧ થી ૯૬૫૭

નોંધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર.
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩–સી, ખ–રોડ,
ગાંધીનગર.
તા.૩૦/૦૬/૨૦૧૦

પ્રતિ,
નોંધણી નિરીક્ષકશ્રી,
તમામ

આ સાથે, મહેસુલ વિભાગ સચિવાલય–ગાંધીનગર નો ઠરાવ ક્રમાંક : એસટીપી/૧૦૨૦૦૮/૨૩૬૭–હ.૧ તા.૧૭/૬/૨૦૧૦ ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવેલ છે, જે આપની જાણ તથા અમલ કરવા સારૂ અને આપના તાબાની કચેરીઓને જાણ તથા અમલ કરાવવા સારૂ. વધુમાં જણાવવાનું કે આપના તાબાની કચેરીઓને તથા આપની કચેરીને પરિપત્ર મળ્યાની પહોંચ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બીડાણ :–ઉપર મુજબ

<u>નકલ રવાના :–</u>

(૧) મદદનીશ નોંધણી નિરીક્ષકશ્રી, તમામ તરફ જાણ સારુ.
(૨) ઈ.જ.ર.કચેરીની તમામ શાખા તરફ જાણ સારુ.
(૩) એસ.ઓ. ફાઈલે.

મદદનીશ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર.